# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/110 Dt. 16/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'Eat That Frog' પુસ્તક સંદર્ભે રિવ્યુ કાર્યક્રમ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:30 કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે બ્રાયન ટ્રેસીના 'Eat That Frog' પુસ્તક સંદર્ભે રિવ્યુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ અને અગ્રવાલ ટેક્ષ્ટાઈલ મિલ્સના ડિરેક્ટર શ્રી બિનય અગ્રવાલે પુસ્તક વિશે વિસ્તૃત સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ટીમ ત્યારે જ સફળ બને છે, જ્યારે ટીમલીડર ટીમના તમામ સભ્યો ઉપર વિશ્વાસ મૂકે છે. જીવનમાં જ્યારે નિર્ણય લેવામાં મુશ્કેલી જણાતી હોય તેવા પ્રસંગે ત્વરિત

નિર્ણય લેવાના બદલે થોડાક સમય વિચારીને શાંતીથી નિર્ણયો લેવા જોઈએ, જેથી બાદમાં પશ્ચાતાપ ન થાય.'

ચેમ્બરના માનદ્‌ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'જીવનની સાથે જ બિઝનેસમાં પણ એક અસરકારક વ્યક્તિમત્વ બનાવવામાં પુસ્તકો ઘણા લાભદાયી બને છે. જે લોકો પોતાના કામની તથા અંગત જીવનમાં પણ પોતાની કાર્યક્ષમતા વધારવા માગે છે તેવા લોકો માટે ઈટ ધેટ ફ્રોગ એક પરફેક્ટ પુસ્તક છે. આ પુસ્તક વ્યક્તિને વિઝનરી બનવાનું અને લાંબા ગાળાનું વિચારવાનું શીખવે છે. હાઈ વેલ્યુ એક્ટીવિટીઝનું લીસ્ટ બનાવવાનું શીખવે છે. સાથે જ શોર્ટ ટર્મ પેઈન અને લોન્ગ ટર્મ પ્લેઝર વિશે માહિતી આપે છે.'

શ્રી બિનય અગ્રવાલે જણાવ્યું હતું કે, 'to be successful do what successful people do, તજ્જ્ઞો પાસેથી તેમના વિચારોથી શીખો, તમે પ્રતિ દિવસ તમારા લક્ષ્યાંકની દિશામાં કોઈને કોઈ કાર્ય કરો અને દરેક દિવસની એડવાન્સમાં પ્લાનિંગ કરો અને નાની-નાની વાતો પર કાર્ય કરવા જેવા નિયમોનું અનુસરણ કરવાથી સફળતા જરૂર મળશે. જે લોકો પુસ્તક વાચવા માંગે છે તેમના માટે મહત્વની મુદ્દો એ છે કે, કોઈ પણ કૌશલ્યમાં પારંગત થવા માટેની ચાવી અભ્યાસ છે. જીવનમાં કોઈ પણ ક્ષેત્રે સફળ થવા માટે અભ્યાસ જરૂરી છે.

તેમણે વધુમાં લોકોને ના કહેવાની આદત કેળવવી અથવા શીખવી જોઈએ. કોઈ પણ આદત વિકસાવવા માટે નિર્ણય, શિસ્તતા અને સાતત્યતા જરૂરી હોય છે. કારણ કે, નિર્ણય લઈને તમે કોઈ પણ કાર્યને પૂર્ણ કરવાની આદત પાડી શકો છો. ત્યારબાદ જે કોઈ નવું કૌશલ્ય તમે શીખવા માંગો છો, તેમાં પારંગત ના થાવ ત્યાં સુધી તેનો અભ્યાસ કરવાની શિસ્તતા પણ એટલી જ અગત્યની છે. આ પુસ્તકમાં ઉલ્લેખિત ABCD મેથડ વિષે પણ તેમણે વિસ્તૃત સમજણ આપી હતી.

આ પ્રસંગે એથર કંપનીના માલિક શ્રી અશ્વિન દેસાઈ અને વિવિધ ઉદ્યોગ સાથે સંકળાયેલ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ગ્રૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. SGCCI બિઝનેસ કનેક્ટ કમિટીના સભ્ય શ્રી કેયુર દોશીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.